
# કિન્નર પ્રદેશમાં કાલ્પાનું આવું વિશિષ્ટ સ્થાન છે



**મહાભારતનું મનોરૂપ**
**ભાણદેવ**

કાલ્પાનાં દર્શન કર્યા વિના કિન્નર પ્રદેશનું દર્શન અધૂરું ગણાય છે. કિન્નર પ્રદેશમાં કાલ્પાનું આવું વિશિષ્ટ સ્થાન છે.

રિક્યાંગ-પિયોમાં બીજા ત્રણ દિવસ રોકાઈને હવે મારે કાલ્પા જવું છે. ચાલવાનો પ્રારંભ કર્યો. ખૂબ સુંદર શાંત રસ્તો છે. આ સૌંદર્યનું દર્શન કરતાં-કરતાં હું રિક્યાંગ-પિયોથી બીજા 13 કિ.મી. ચાલીએ એટલે કાલ્પા આવે છે. કાલ્પા એક કાળે કિન્નોર પ્રદેશનું વડું મથક હતું અને આજે છે એક સુંદર, સમૃદ્ધ, મોટું ગામ. ગામની વસતી મહદંશે બૌદ્ધોની છે અને તદનુસાર અહીં બૌદ્ધ ગોમ્પા હોય.

કાલ્પા ગામના ચોકમાં પહોંચીને, થોડું રોકાઈને, ગોમ્પા તરફ ચાલ્યા.ગોમ્પામાં પ્રવેશ કરતાં જ મન પ્રસન્ન થઈ ગયું. સ્વચ્છ, સુંદર, પવિત્ર પરિવેશ છે. ગોમ્પાના વિશાળ ખંડમાં વિશાળ કદની ત્રણ મૂર્તિઓ છે. આ મૂર્તિઓની સમક્ષ એક લામા બેઠેલા છે. તેમનો પાઠ ચાલે છે. અમે ભગવાન બુદ્ધને પ્રણામ કરીને ઊભા રહ્યા. લામાએ સ્મિતપૂર્વક અમારું સ્વાગત કર્યું અને ઈશારાથી બેસવા કહ્યું. તેમનો પાઠ ચાલુ રહ્યો. એક નવયુવાને આવીને આસન પાથવુ અમે આસન ગ્રહણ કર્યું.

લામાનો પાઠ પૂરો થયો. તેઓ બોધિ ભાષામાં લખાયેલા કોઈ ધર્મગ્રંથનો પાઠ કરી રહ્યા હતા, તેટલું અમને સમજાયું. બૌદ્ધ ધર્મ અને બૌદ્ધ દર્શનનું સાહિત્ય પ્રધાનત ત્રણ ભાષાઓમાં રચાયું છે - પાલિ, સંસ્કૃત અને બોધિ.

'પાલી' ભાષા તો પ્રાકૃતભાષાનું જ એક સ્વરૂપ છે. ભગવાન બુદ્ધના ઉપદેશનું આ ભાષાએ પાલન કર્યું છે અર્થાત્ જાળવણી કરી છે. તેથી બૌદ્ધોએ આ ભાષાને 'પાલી' નામ આપ્યું છે. પાલી એટલે પાલન કરનારી!

બીજી ભાષા સંસ્કૃત છે. સંસ્કૃત તો સંસ્કૃત છે! હીનયાન શાખાના ગ્રંથો પ્રધાનતઃ પાલી ભાષામાં અને મહાયાન ભાષાના ગ્રંથો પ્રધાનતઃ સંસ્કૃત ભાષામાં છે. ભગવાન બુદ્ધના ઉપદેશને ઝીલનારી અને તેની બોધિ. બોધિ એટલે ભગવાન બુદ્ધના બોધને અભિવ્યક્ત કરનારી ભાષા. અહીં આ વિસ્તારમાં ભગવાન બુદ્ધનો ઉપદેશ જે ભાષામાં ઝીલાયો, સંગૃહીત થયો અને અભિવ્યક્ત થયો તે ભાષાને આ વિસ્તારના બૌદ્ધોએ 'બોધિ' નામ આપ્યું છે. જાળવણી કરનારી ત્રીજી ભાષા છે તિબેટિયન. આ બોધિભાષા વસ્તુતઃ તિબેટિયન ભાષાનું જ સ્વરૂપ છે. પ્રારંભમાં તિબેટિયન ભાષાને લિપિ હતી નહિ. દેવનાગરી લિપિને આધારે આ બોધિની લિપિની રચના થઈ છે.

હીનયાન પંથનું સાહિત્ય પાલીમાં છે. મહાયાન પંથનું સાહિત્ય સંસ્કૃતમાં છે અને વજયાન પંથનું સાહિત્ય બોધિમાં છે. તિબેટ અને ભારતના ઉત્તરીય વિસ્તારમાં બૌદ્ધ ધર્મનું જે સ્વરૂર પ્રચલિત છે, તે વજયાન છે અને તદનુસાર અહીંના ધર્મગ્રંથો બોધિ ભાષામાં છે!

પોતાના નિત્યપાઠથી નિવૃત્ત થઈને લામા હવે અમને આ ગોમ્પાનો પરિચય આપે છે.

આ ગોમ્પામાં ત્રણ મૂર્તિઓ છે. આ ત્રણેય મૂર્તિઓ વિશાળ કદની છે. સૌથી વચ્ચેની મૂર્તિ ભગવાન બુદ્ધની, ડાબી બાજુની મૂર્તિ પદ્મસંભવની અને જમણી બાજુની મૂર્તિ અવલોકિતેશ્વરની છે. ભારતમાંથી મહાગુરુ પદ્મસંભવ દ્વારા બૌદ્ધ ધર્મ તિબેટમાં ગયો. બૌદ્ધ ધર્મની પ્રધાન શાખા બે હતીઃ હીનયાન અને મહાયાન. તિબેટમાં મહાયાન શાખા ગઈ છે; પરંતુ તિબેટમાં બૌદ્ધ ધર્મ એક નવું સ્વરૂપ ધારણ કરે છે વજયાન. તિબેટમાં બૌદ્ધ ધર્મની વજયાન શાખા પ્રતિષ્ઠિત થયા પછી આ વજયાન બૌદ્ધ ધર્મ ભારતના ઉત્તરીય વિસ્તારમાં આવે છે. ભારતથી ગયેલો બૌદ્ધ ધર્મ એક નવું સ્વરૂપ ધારણ કરીને ભારતમાં પુનઃ પ્રવેશે છે! લદાખ, હિમાચલ પ્રદેશનો ઉત્તરીય વિસ્તાર, નેપાલનો ઉત્તરીય વિસ્તાર, સિક્કિમ, ભૂતાન આદિ વિસ્તારમાં જે બૌદ્ધ ધર્મ છે. તે તિબેટથી પાછો આવેલો વજયાન બૌદ્ધ ધર્મ છે. આ વજયાન પંથના ગુરુ, મહાગુરુ, પદ્મસંભવ છે અને ધાર્મિક વડા દલાઈ લામા છે.

દશમી સદીમાં પશ્ચિમ તિબેટના ગુગેના નિવાસી મહાનુવાદક રત્નભદ્ર બૌદ્ધ ધર્મના અભ્યાસ માટે નાલંદા આવે છે. નાલંદામાં અભ્યાસ પરિપૂર્ણ કર્યા પછી તેઓ ઉત્તરીય વિસ્તારમાં ફરે છે. તેમણે હિમાલયમાં અસંખ્ય સ્તૂપો અને એકસો આઠ ગોમ્પાઓનું નિર્માણ કર્યું છે. કિન્નોર પ્રદેશમાં પણ તેમના દ્વારા બૌદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર થયો છે. કાલ્પાનો આ ગોમ્પા ગુરુ રત્નભદ્રે સ્થાપેલા ગોમ્પામાંનો એક છે.

> **ઈ.સ. 1959માં કાલ્પામાં એક ભયંકર આગ લાગી. અહીંનાં મકાનો અને ગોમ્પાઓ મહદંશે લાકડાનાં હોય છે. આ ભયંકર આગમાં અન્ય અનેક મકાનોની સાથે કાલ્પાનો આ પ્રાચીન ગોમ્પા પણ બળીને ભસ્મ થઈ ગયાં. ત્યાર પછી કાલ્પા ગામના ગામલોકોએ સાથે મળીને તે જ સ્થાને તેવા જ ગોમ્પાનું નવનિર્માણ કર્યું છે.**

હિમાલયના આ વિસ્તારમાં પહેલાં લોકો સાવ પ્રાથમિક સ્વરૂપના ધર્મનું પાલન કરતા હતા. આ વિસ્તારમાં બૌદ્ધ ધર્મ સરળતાથી સ્વીકૃત થયો અને બૌદ્ધ ધર્મના માધ્યમ દ્વારા આ પ્રજા વધુ સુસંસ્કૃત બની છે.

ઈ.સ. 1959માં કાલ્પામાં એક ભયંકર આગ લાગી. અહીંનાં મકાનો અને ગોમ્પાઓ મહદંશે લાકડાનાં હોય છે. આ ભયંકર આગમાં અન્ય અનેક મકાનોની સાથે કાલ્પાનો આ પ્રાચીન ગોમ્પા પણ બળીને ભસ્મ થઈ ગયાં. ત્યાર પછી કાલ્પા ગામના ગામલોકોએ સાથે મળીને તે જ સ્થાને તેવા જ ગોમ્પાનું નવનિર્માણ કર્યું છે. અમે એમાં બેઠા છીએ.

આ ગોમ્પામાં અત્યારે પ્રતિષ્ઠિત છે, તે ભગવાન બુદ્ધની આરસની પ્રતિમા તે વખતના કોંગ્રેસ પ્રમુખ માનનીય શ્રી ઉચ્છરંગરાય ઢેબર અને ધર્મદેવ શાસ્ત્રીએ સંયુક્ત રીતે ભેટ આપેલી છે. આ ગોમ્પામાં ભગવાન બુદ્ધના ઉપદેશોની 'કંજુર' નામની સો પોથીઓ પણ છે. કાલ્પાના જ 'મચિનસ' નામના પરિવારે આ સો પોથીઓ આ ગોમ્પાને અર્પણ કરેલ છે. આ બૌદ્ધ ગોમ્પાની બાજુમાં થોડાં વર્ષ પહેલાં એક ભવ્ય સ્તૂપનું નિર્માણ પણ થયું છે. લામા જે ધર્મગ્રંથનો પાઠ કરી રહ્યા હતા, તે તો બોધિ ભાષામાં અને સંભવતઃ બોધિ લિપિમાં મુદ્રિત હતો. તે તો અમે ન સમજી શકીએ; પરંતુ લામાએ અમને બીજું એક પુસ્તક બતાવ્યું. તે તો અમે જરૂર સમજી શકીએ.

(ક્રમશઃ)

# વિશ્વશાંતિ માટે અનોખું ધ્યાન દાન



**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**


ધ્યાન એ દરેક જાતિ, ધર્મ, સંપ્રદાયોને સ્પર્શતો શબ્દ છે. કદાચ એની વ્યાખ્યા સૌની પોતાની હોય શકે પણ ધ્યેય મનની શાંતિ, ઈશ્વર પ્રાપ્તિ, સ્વોધ્ધાર કે વિશ્વશાંતિ જેવા હોય શકે. માણસ પોતાના આધ્યાત્મિક ઉત્થાન માટે ધ્યાન કરતો હોય તો તે સ્વાભાવિક ગણાય પણ વિશ્વકલ્યાણ અને વિશ્વ શાંતિ માટે ધ્યાન પ્રવૃત્તિ કરવા પ્રેરાય ત્યારે એ બાબત સામાન્ય નહિ રહેતા વિશેષ બને છે. ધ્યાન એ જેટલી સરળ પ્રક્રિયા છે એટલું જ ધ્યાન વિજ્ઞાન ગૂઢ છે. આપણે ત્યાં સામાન્ય રીતે ધન દાન, અન્ન દાન, વસ્ત્ર દાન, દીપ દાન, ગૌ દાન જેવા શબ્દો દાન માટે પ્રચલિત છે પણ અહીં એક પણ પૈસાના ઉપયોગ વગરના એક વિશિષ્ટ પ્રકારના ધ્યાન દાન શબ્દનો ઉલ્લેખ કરાયો છે. આ વિષયને સ્પર્શતી બાબતો સંક્ષિપ્તમાં આજના લેખમાં સમાવવાનો પ્રયત્ન છે. પૂર્વભૂમિકા જેવી જરૂરી પૂરક વિગતોથી પ્રારંભ કરીએ.

લગભગ દોઢસો વર્ષ પહેલાં 15 ડિસેમ્બર 1976માં જન્મેલા લેખરાજ કૃપલાણીએ બાળપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવતા તેમનો ઉછેર તેમના કાકા પાસે થયો . સમયની સાથે કુશળ હીરા-જવેરાતના પારખુ વ્યાપારી બની ગયા. ત્યારે હાલના પાકિસ્તાનના સિન્ધ પ્રાન્તના હૈદરાબાદ ખાતે સુખી-શ્રીમંત તરીકેની ખ્યાતિ હતી. લગભગ 60 વર્ષની ઉંમરે વ્યવસાયમાંથી નિવૃત્તિ લઈને આધ્યાત્મિકતા તરફ વળી ગયા. તેમણે 1936માં'ઓમ મંડળી' નામના આધ્યાત્મિક સંગઠનની સ્થાપના કરી હતી ત્યારબાદ થોડા જ સમયમાં એટલે કે 1939માં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી ટ્રસ્ટ બનાવ્યું અને પોતાની અઢળક સંપત્તિ જ્ઞાન-વિજ્ઞાન અને આધ્યાત્મિક સત્કાર્ય માટે બનાવાયેલા આ ટ્રસ્ટને દાન કરી દીધી. બહેનો ધૈર્યથી ખંતથી અને વિશ્વાસથી આધ્યાત્મિકત કાર્યને આગળ વધારી શકશે એવા આશયથી પ્રારંભમાં જ આઠ યુવા બહેનોને આ ટ્રસ્ટની બાગડોર સોંપાઈ, 1947ની ભારત-પાકિસ્તાનના વિભાજન પછી સહયોગીઓ અને અનુયાયીઓ સાથે દાદા લેખરાજજીએ ભારતમાં રાજસ્થાનના આબુ ખાતે એક મકાન ભાડાથી રાખી આધ્યાત્મિક કાર્યને વેગ આપ્યો. લોકોના સહકારથી આ ધાર્મિક આંદોલનને અધિક પ્રતિસાદ મળતા આબુના પર્વતીય ક્ષેત્રોમાં સગવડતાપૂર્ણ યોગ અને ધ્યાનનું શિક્ષણ આપતા વિદ્યાલયનો પ્રારંભ કરાયો. આજે આ સંસ્થા વટવૃક્ષ બની વિશ્વના 110 જેટલા દેશોમાં 5550 કરતાં વધુ મેડીટેશન સેન્ટરોમાં કાર્યરત છે. આ સેન્ટરોમાં દસ લાખ જેટલા નિયમિત અભ્યાર્થીઓ યોગ અને ધ્યાનનું શિક્ષણ પ્રાપ્ત કરે છે. દાદા લેખરાજજીની ઓળખ બ્રહ્માબાબા તરીકેની રહી છે. 1969ની 18 જાન્યુઆરીએ દાદા લેખરાજજીએ દેહત્યાગ કર્યા પછી પણ તેમના કાર્યોને સંસ્થાની અનુયાયી ભગીનીઓએ પૂર્ણ વિશ્વાસ સાથે ખૂબ સંવર્ધન કર્યું છે. ધ્યાન અને રાજયોગ સુધીના પ્રશિક્ષણ સાથે સંસ્થા અનેક સામાજિક કાર્યો પણ કરતી રહી છે. યુવાઓને જીવનના મૂલ્યો સમજાવવા સાથે ધર્મમાં રૂચિ કેળવવાનું જ્ઞાન આપવું, બ્લડ ડોનેશન કેમ્પ યોજવા મેડિકલ રાહત, વિનામૂલ્યે હેલ્થ ચેકઅપ જેવી અગણિત સામાજિક કાર્યોની સૂચિ લાંબી છે.

આ સંસ્થાએ ગુજરાતમાં સેવા અને ધ્યાનકેન્દ્રોનો પ્રારંભ કર્યો એને 60 વર્ષ થઈ ગયાં અને આ ષષ્ઠીપૂર્તિની આધ્યાત્મિક ઉજવણીના ભાગ રૂપે સંસ્થા દ્વારા શાંતિ દાન એટલે કે ધ્યાન દાનનો એક અનોખો કાર્યક્રમ આપ્યો છે. આજે વિશ્વમાં સર્વત્ર અશાંતિ અને અરાજકતાનો માહોલ છે ત્યારે આપણે ચોક્કસ દિવસો માટે 5,10,15, 20 ,30 કે 60 મિનિટનું ધ્યાન કરીએ પ્રાર્થના કરીએ તો તેની સામૂહિક ઊર્જા વિશ્વશાંતિ માટે ઉપકારક બને એટલું જ નહીં પણ આપણા ખુદ માટે પણ એક નવી ઊર્જાનો સંચાર થશે. રોજ ચોક્કસ, નક્કી કર્યા મુજબની મિનિટો સુધી ધ્યાનમાં બેસવાની રૂચિ કેળવાશે, મહાવરો પણ થશે અને મનને નિયંત્રિત કરી સ્થિર ચિત્તે પરમાત્માની પ્રાર્થના કરી શકવાને શક્તિમાન થઈશું.




બ્રહ્માકુમારીઝ- ગુજરાતના હીરક જયંતી મહોત્સવનો 'ધ્યાન દાન' કાર્યક્રમ ખરેખર શું છે? વિગતે સમજીએ. ગુજરાતમાં 500 થી અધિક સંસ્થાના મેડીટેશન સેન્ટર છે. તમે સુરતમાં છો તો તમારા નજીકના બ્રહ્માકુમારીઝના મેડીટેશન સેન્ટર પરથી એક ખૂબ જ સરળ ભરી શકાય તેવું ફોર્મ લાવી નામ-સરનામું ભરી તમે કેટલા દિવસ માટે રોજ કેટલી મિનિટ ધ્યાનમાં બેસી શકશો માત્ર એટલું ભરી આપી દેવાનું રહે છે. તમારી રોજની તમે નક્કી કરેલી 5,10,15 કે જેટલી પણ મિનિટ ધ્યાનમાં બેસો એટલું આત્મવિશ્વાસથી ચોક્કસ પાલન કરો. નક્કી કરેલ મિનિટ તમે ઘરે, ઓફિસ કે એવી અનુકૂળ જગ્યાએ બેસી ધ્યાન કરી શકો છો. ખરેખર તો આ કાર્યક્રમ 24 ઓકટોબરથી પ્રારંભ થઈ ગયો છે જે 21મી ડિસેમ્બર સુધી ચાલશે. એટલે કે હજુ તમારી પાસે એક- સવાએક મહિના જેટલો સમય છે. તમે આ એ ક અનોખા



વિશ્વશાંતિ માટેના ધ્યાન દાનમાં સહભાગી પણ બની શકો છો. બ્રહ્માકુમારીઝ દ્વારા 100 કરોડ મિનિટસ્ના ધ્યાન દાન એકત્ર કરવાનો ભગીરથ સંકલ્પ લેવાયો છે. જેમાં માત્ર ગુજરાતમાંથી નહિ પણ ભારત સહિત આખા વિશ્વમાંથી આવી ચોક્કસ મિનિટ્સના ધ્યાન દાન માટે અવિશ્વસનીય પ્રતિસાદ મળી રહ્યો છે. સુરતના બાલાજીરોડ સેન્ટરના બી.કે. ફાલ્ગુનીબેનના જણાવ્યા અનુસાર 60 કરોડથી વધુ મિનિટસનું વિશ્વ માટેના શાંતિદાન આપનાર લોકોના કન્ફર્મેશનથી એક આનંદ સાથે આશ્ચર્ય ઊભું થયું છે.

વિશિષ્ટ એવા અનોખા આ ધ્યાન દાન સેવાયજ્ઞ માટે ખાસ બાબત તો એ છે કે તમે બ્રહ્માકુમારીઝના અનુયાયી હોવા જરૂરી નથી. નાત-જાતના ભેદભાવ વગર દરેક ધર્મના ભાઈ-બહેનો ભલે તેમના અલ્લાહ, ઈશ્વર, જીસસ મહાવીર, બુદ્ધ કે નાનકદેવને સ્મરણ કરીને ધ્યાન કરે. કારણ કે વિશ્વશાંતિ માટેના ધ્યાનદાનની આ

> **વિશ્વશાંતિ માટેના ધ્યાનદાનની આ પ્રકારની અનોખી પહેલ છે. આ પ્રકારની ધ્યાન પ્રક્રિયાથી એકાગ્રતા કેળવાશે, વર્તમાન તણાવ, દુઃખ અને અશાંતિભર્યા જીવનમાં સ્વયં શાંતિનો અનુભવ કરી શકશો. શાંતિના તરંગોના સ્પર્શ સાથે ધ્યાન દરમ્યાન ઉત્પન્ન ઊર્જા તમને વિશિષ્ટ અનુભૂતિનો અહેસાસ કરાવશે.**

પ્રકારની અનોખી પહેલ છે. આગળ જણાવ્યું તેમ આ તમે નક્કી કરેલી મિનિટ્સ માટેની ધ્યાન પ્રક્રિયાથી એકાગ્રતા કેળવાશે, વર્તમાન તણાવ, દુઃખ અને અશાંતિભર્યા જીવનમાં સ્વયં શાંતિનો અનુભવ કરી શકશો. શાંતિના તરંગોના સ્પર્શ સાથે ધ્યાન દરમ્યાન ઉત્પન્ન ઊર્જા તમને વિશિષ્ટ અનુભૂતિનો અહેસાસ કરાવશે. વિશેષ કરીને આ એવો સેવાયજ્ઞ છે કે તેમાં આપને નથી સમયનું બંધન કે નથી સ્થળનું બંધન. બસ, તમે જાતે જ તમારો અનુકૂળ સમય અને સ્થળ નક્કી કરી આ સેવાયજ્ઞના ભાગીદાર બની શકો છે. તમે તમારા પરિવારને, મિત્રોને, પાડોશીઓને કે મોટા ગ્રુપને પણ આ ધ્યાન દાન અભિયાનમાં સામેલ કરો અને વિશ્વકલ્યાણ, વિશ્વશાંતિ અને સ્વકલ્યાણના ભગવદ્ કાર્યમાં સહભાગી બનાવો.

બ્રહ્માકુમારીઝ દ્વારા ગુજરાતના 500 જેટલા શહેરો અને 5000 જેટલા ગામોમાં વિશ્વશાંતિ પદયાત્રાનું પણ 23 નવેમ્બરે રવિવારે સવારે 7થી8 દરમ્યાન આયોજન કરાયું છે તો વિશ્વશાંતિને અનુલક્ષી 21 મી ડિસેમ્બરે રવિવારે અમદાવાદના મેમનગર ખાતેના ગુજરાત યુનિ.

ગ્રાઉન્ડ ખાતે વિશ્વભરમાંથી 60 હજારથી વધુ લોકો ઉપસ્થિત રહેશે અને સામુહિક મેડિટેશન એટલે કે ધ્યાન કરશે. વિશ્વયોગ દિવસની જેમ 21 ડિસેમ્બરને વિશ્વ ધ્યાન દિવસ જાહેર કરાયો છે. જેને અનુલક્ષીને આધ્યાત્મિક ગીત-સંગીત સાથેનો આ ધ્યાન સમારોહ યોજાશે.

વિશ્વશાંતિ માટેના કાર્યક્રમમાં તમે રસ ધરાવતા હોય તો www.billinminvtes.com પરથી અથવા દુલેશ્વર એપા. બાલાજી ગર્લ્સ સ્કુલ સામે, બાલાજી રોડ સુરત. પરથી માહિતી મેળવી શકો છો.


|| कृष्णस्तु भगवान स्वयम् ||

**લેખાંક-૩૯**

# મથુરામાં નંદ અને વસુદેવનું મિલન

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

આગાઉના લેખમાં સમજ્યા તે 'જોગલીલા'નું જો આધ્યાત્મિક દૃષ્ટિએ ચિંતન કરવું હોય તો એવું કરવાનું કે 'યોગીશ્વર શંકર - યોગેશ્વર શ્રીકૃષ્ણ'ના દર્શન કરવા આવ્યા છે. યોગીશ્વર અને યોગેશ્વર તત્ત્વથી એક જ છે. માત્ર રસ્તા જુદા છે. ભગવાન શંકર નિવૃત્તિ ધર્મનો આદર્શ છે અને ભગવાન શ્રીકૃષ્ણ પ્રવૃત્તિ ધર્મનો આદર્શ છે. શ્રીકૃષ્ણનો સંદેશ બોધ આપે છે કે નિરપેક્ષ ભાવે (અપેક્ષા વગર) પ્રવૃત્તિ કરો અને નિષ્કામ ભાવે કર્મ કરો. શંકરનું અધ્યાત્મ સમજાવે છે કે પ્રવૃત્તિ ઓછી કરી ઈન્દ્રિયોનો મનમાં લય કરો, મનનો લય બુદ્ધિમાં અને બુદ્ધિનો લય આત્મ-સ્વરૂપમાં કરો. બંનેના સંદેશના સરવાળા રૂપે મહાત્માઓ સમજાવે છે કે પ્રવૃત્તિ વિવેકથી કરવાની અને ધીમે ધીમે ઓછી કરવાની. પ્રવૃત્તિ કરતી વખતે ફળની આશા નહીં રાખવાની. પ્રવૃત્તિ બાધક નથી, ફળની આશા બાધક છે.



જ્યારથી નંદના ઘરે ભગવાને અવતાર લીધો ત્યારથી વ્રજમાં દિવસે દિવસે સંપત્તિ અને અભ્યુદય વધવા માંડ્યા. ભગવાન શ્રીકૃષ્ણ જ્યારથી ગોકુળમાં પધાર્યા ત્યારથી નંદનું વ્રજ સર્વ સમૃદ્ધિઓથી ભરપૂર થઈ જાણે એવું લાગતું હતું કે લક્ષ્મીજીએ વૃન્દાવનમાં પહેલેથી જ પોતાનું ઐશ્વર્ય પ્રગટ કર્યું હોય. કદાચ લક્ષ્મીજીએ પણ એ નિર્ધાર કર્યો હોય કે શ્રીકૃષ્ણ પોતાનું નિજ સ્થાન છોડી અહીંની ભૂમિ પર હવે તમામ લીલા કરવાના છે અને સ્વાભાવિકપણે લક્ષ્મીજી પણ સાથે જ રહેવાના છે. આ અનુલક્ષીને ભગવાને વૃન્દાવનમાં પોતાનું ઐશ્વર્ય પ્રગટ કર્યું તેમ સમજવું પણ યોગ્ય લેખાશે.

કૃષ્ણજન્મના ઉત્સવ પછી થોડા દિવસો બાદ નંદને વાર્ષિક કર ચૂકવવાનો વારો આવ્યો. ગોકુળના રક્ષણ માટે ત્યાંના અધિપતિ રાજા કંસે આ વેરો ચૂકવવાનું નક્કી કર્યું હતું. દરેક ગામોએ આ વેરો ચૂકવવો પડતો હતો. નંદ કેટલાક ગોવાળોને સાથે રાખી વેરો ભરવા મથુરા ગયા. ગામના અન્ય કેટલાક મુખ્ય માણસોને તેમની ગેરહાજરીમાં વૃંદાવનની દેખરેખ રાખવાનો આદેશ આપ્યો. વસુદેવને પોતાના પરમ મિત્ર નંદ મથુરામાં આવ્યા છે તે સમાચાર મળ્યા પરંતુ નંદ અને કંસની મુલાકાત ન થાય અને વેરો ન ભરાય ત્યાં સુધી કંસના ત્રાસને કારણે તેઓ નંદને મળ્યા નહીં. નંદ પણ તેમના પર કંસ વિરુદ્ધ ખટપટ કરવાનો આરોપ મુકાય તેવા ભયથી વસુદેવને મળવા ગયા નહીં પરંતુ જેવા નંદ કર ભરીને પોતાના ઉતારા પર આવ્યા કે તરત તે રાત્રે વસુદેવ ગુપ્ત વેશ ધારણ કરી નંદને મળવા માટે આવ્યા. પ્રિય મિત્ર વસુદેવને આવેલા જોઈ પ્રેમથી વિહવળ બનેલા નંદે જેમ પ્રાણનો સંચાર થતા દેહ ઊભો થાય તેમ ઊભા થઈ વસુદેવને આવકારી આલિંગન આપ્યું. આનંદ પામેલા બંને મિત્રો એકબીજાના કુશળ પૂછતા એકાંતમાં બેઠા.

સ્વાભાવિક રીતે વસુદેવ, ગોકુળમાં રહેલા તેમના બંને પુત્રોના સમાચાર મળે તે માટે ઉત્સુક હતા પરંતુ કંસે તેમના મંત્રીઓને આપેલા આદેશથી તેઓ ખૂબ ભય પામ્યા હતા. શ્રીકૃષ્ણ અને બળરામ બંને વસુદેવના પુત્રો હતા અને તેમને નંદના સંરક્ષણમાં રાખવામાં આવ્યા હતા. નંદ માત્ર એટલી હકીકત જાણતા હતા કે રોહિણીના ગર્ભથી પ્રાપ્ત બળરામ વસુદેવનો પુત્ર છે પરંતુ એ હકીકતથી સંપૂર્ણ અજાણ હતા કે શ્રીકૃષ્ણ પણ વસુદેવના પુત્ર છે. વસુદેવે નંદને કહ્યું, "આપ પ્રૌઢ અવસ્થા સુધી સંતાનહીન રહ્યા, તમામ આશા છોડી દીધી હતી પરંતુ અંતે આપને સુંદર પુત્રની પ્રાપ્તિ થઈ, પ્રભુએ આપની ઈચ્છા પૂરી કરી જેનાથી મને ખૂબ જ આનંદ થયો. આપના માટે આ એક અત્યંત શુભ અવસર છે. મને તો કંસે બંધી બનાવી દીધેલો. આથી મને આશા નહોતી કે હું આપને ફરી મળી શકીશ અને આપના દર્શન કરી શકીશ."

વસુદેવને તેમના પુત્ર શ્રીકૃષ્ણના વિયોગનો અનુભવ થઈ રહ્યો હતો પરંતુ આ વાત તેઓ અભિવ્યક્ત કરી નહીં શક્યા. આથી તેમણે નંદને સાહજિક સવાલો પૂછ્યા. તેમણે નંદને પૂછ્યું,"વૃન્દાવનમાં બધું કુશળ મંગલ છે ને? વૃન્દાવનમાં હમણાં ગાયોને ખવડાવવાની તેમ જ પાણીની સારી સગવડ છે કે નહીં? ગાયોમાં કોઈ જાતનો રોગ તો નથી આવતો ને? કંસના ભયથી તમારે ત્યાં મોકલેલી મારી સ્ત્રી રોહિણીને પુત્ર પ્રાપ્ત થયો એ સંદેશો મને મળ્યો હતો. રોહિણી અને મારો પુત્ર ત્યાં કુશળ તો છે ને? એ પુત્ર તો તમને જ પિતા માનતો હશે અને લાડ પામતો હશે."

> **કૃષ્ણજન્મના ઉત્સવ પછી થોડા દિવસો બાદ નંદને વાર્ષિક કર ચૂકવવાનો વારો આવ્યો. ગોકુળના રક્ષણ માટે ત્યાંના અધિપતિ રાજા કંસે આ વેરો ચૂકવવાનું નક્કી કર્યું હતું**

વસુદેવના સવાલ સાંભળી નંદ બોલ્યા, "તમે જેમનું કુશળ પૂછો છો તે સર્વે આનદમાં છે. હાલમાં ગોકુળમાં ખડ (ગાયનો ખોરાક) અને પાણીની ખૂબ સારી સગવડ છે. ગાયમાં હાલમાં કોઈ જાતનો રોગ પણ નથી. મને વૃદ્ધાવસ્થામાં તમારા જેવા મિત્રોના આશીર્વાદથી પુત્રની પ્રાપ્તિ થઈ છે. કંસે તમારા છ પુત્રોને મારી નાખ્યા અને કન્યાને પણ જીવતી નહીં રહેવા દીધી તેવા સમાચાર મને મળ્યા અને તે સાંભળી મને અત્યંત ખેદ અને દુઃખ થયું છે. કર્મની ગતિ ન્યારી છે. જેમ ભાગ્યમાં લખ્યું હોય તેમ જ થાય છે. તેમાં કોઈનો કશો ઉપાય ચાલતો નથી. સુખ અને દુઃખ તો મનના ધર્મ છે અને તે અદૃશ્ય પ્રારબ્ધ કર્મોથી પ્રાપ્ત થાય છે. મન માને છે તો સુખ થાય છે, મન નથી માનતું ત્યારે દુઃખ થાય છે. માટે એવો દૃઢ વિશ્વાસ રાખી તમારે શાંત રહેવું અને કોઈથી ગભરાવું નહીં."

ત્યારે વસુદેવ બોલ્યા, "સઘળું દેવ આધીન છે, તેમ જાણવા છતાં પણ મારું મન બનેલા બનાવોના કારણે ગભરાયા જ કરે છે. કેવા દુર્ભાગ્યની વાત છે કે રોહિણીના ઉદરથી ઉત્પન્ન થયેલો મારો પુત્ર કે જે તમારા આશ્રયે જ રહેલો છે, તેને આજ સુધી મેં જોયો પણ નથી. નિર્દય કંસને જો ખબર પડે તો કેવી હરકત કરે તે વાતથી હું ખૂબ જ ગભરાઉં છું".

(ક્રમશઃ)